# હેટફિલ્ડ એલમિન્ટરી સ્કૂલ

## *2020-21 ટાઈટલ I સ્કુલવ્યાપી નીતિ*

## *શ્રીમાન વેસ હેનેલ, આચાર્ય*

બાળકોને લાભ ત્યારે થાય છે જયારે કુટુંબ અને સ્કુલ પોતાની જવાબદારી વહેંચી લે અને બંને પોતાના વિદ્યાર્થીના શિક્ષણમાં સક્રિય ભાગીદાર બને. હેટફિલ્ડ ઍલમિન્ટરી સ્કૂલ ટાઇટલ I સંઘીય ભંડોળથી ચાલતા સ્કુલવ્યાપી કાર્યક્રમ મારફતે પોતાનાં બાળકોના શિક્ષણમાં માતાપિતાની સક્રિય સામેલગીરી અને સહભાગિતાને પ્રોત્સાહન આપે છે. આ કાર્યક્રમ બધા વિદ્યાર્થીઓને જરૂર જણાય ત્યારે વધારાની સહાયતાથી લાભ મેળવવાની અનુમતિ આપે છે.

ટાઈટલ I કાર્યક્રમમાં આ ભાગીદારી મેળવવા માટે હેટફિલ્ડ સ્કૂલ આમ કરશે:

- બેઠકો અને માતાપિતાની સઘન સામેલગીરી મારફતે, ટાઈટલ I કાર્યક્રમનું આયોજન, ડિઝાઈન અને અમલીકરણમાં માતાપિતાઓ/વાલીઓનો સમાવેશ કરશે.
- માતા-પિતા સમિતિના પ્રતિનિધિઓને વિતરણ અગાઉ મંજૂરી માટે માર્ગદર્શિકાઓ અને ઔપચારિક સમજૂતિ બતાવશે.
- માતાપિતા/વાલીને ટાઈટલ I કાર્યક્રમ, તેમની સામેલગીરી, અને કાર્યક્રમમાં સ્કુલની સહભાગિતા વિશે જાણ કરવા માટે એક વાર્ષિક બેઠક યોજશે. જેઓ હાજરી આપી ન શકે એવાં કુટુંબોને ઘરે માહિતી મોકલવામાં આવશે.
- સમગ્ર દિવસ દરમિયાન વિવિધ સમયે સ્કુલ અને માતા-પિતા/વાલી દ્વારા વિનંતી કરાયેલ બેઠકો પૂરી પાડશે, જેમાં વિદ્યાર્થીની સિદ્ધિમાં સુધારો કરવામાં મદદરૂપ બને એવા વર્કશૉપ અને મટીરિયલ્સ માટેની તકોનો પણ સમાવેશ થાય છે.
- શીર્ષક I પ્રવૃત્તિઓમાં માતા-પિતા/વાલીની સહભાગિતા માટે પ્રોત્સાહિત કરવા વ્યાજબી ટેકો આપવો.
- વિદ્યાર્થીની પ્રગતિ, પ્રગતિ અહેવાલો અને કોન્ફરન્સને મૂલવવા ઉપયોગમાં લેવાતા શૈક્ષણિક મૂલ્યાંકનોના પરિણામો માતા-પિતા/વાલીઓને પૂરા પાડીને સંવાદ જાળવી રાખવાની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપશે, જેથી તેઓ પોતાના બાળકની પ્રગતિથી માહિતગાર રહી શકે.
- માતાપિતાની સહભાગિતા અને સ્કુલ/માતાપિતા વચ્ચેની ઔપચારિક સમજૂતીનાં વિષયવસ્તુ અને અસરકારકતાનું વાર્ષિક મૂલ્યાંકન કરશે અને સૂચનોનો સમયસર પ્રતિસાદ આપશે.
- માતા-પિતા/વાલીઓ સમજી શકે એવી ભાષા અને સ્વરૂપમાં માહિતી મોકલાશે. ઈંગ્લીશના વિદ્યાર્થીઓ (ELs) નાં માતા-પિતાને સહાયતા કરવા માટે ફૅકલ્ટીના સભ્યો હાજર છે.

***હેટફિલ્ડ ઍલમિન્ટરી સ્કૂલ ખાતે માતાપિતાના સમાવેશનું અમે સ્વાગત કરીએ છીએ!***